# શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

## ઈન્દ્રવજા-છંદ

**ભકતાભિલાષા-ચરિતાનુસારી,**
**દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી.**
**કુમારતાનંદિત ઘોષનારી,**
**મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી. ૧**

નિજભક્તની ઈચ્છાને અનુસરનારા, બાલ લીલામાં દૂધ વગેરેની ચોરી કરીને યશનો વિસ્તાર કરનારા, વ્રજ વનિતાઓને આનંદ પમાડનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૧)

**વ્રજાંગનાવૃંદ સદા વિહારી,**
**અંગૈર્ગૃહાગાર તમોપહારી.**
**ક્રીડારસાવેશ તમોભિસારી,**
**મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૨**

વ્રજની ગોપીઓના યૂથમાં હંમેશા વિહાર કરનારા,શ્રીઅંગના તેજથી ઘરના આંગણાના અંધકારને દૂર કરનારા, રાસક્રીડાના રસના આવેશથી અજ્ઞાનને હરવાવાળા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૨)

**વેણુસ્વના નંદિત પન્નગારી,**
**રસાતલા નૃત્ય પદ પ્રચારી.**
**ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી,**
**મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી. ૩**



વેણુનાદથી મયૂરોને નચાવનારા,રસાતલમાં પણ નૃત્ય પદને પ્રસારનારા,ક્રીડામાં જ વત્સાસુર દૈત્યનો સંહાર કરનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૩)

**પુલિંદદારાહિત શંબરારી,**
**રમાસ દોદાર દયા પ્રકારી.**
**ગોવર્ધને કંદ ફલોપહારી,**
**મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૪**

પુલિંદીઓના હિતને માટે શંબર નામના દૈત્યને મારનારા, લક્ષ્મીજી ઉપર સદા પરમ દયા કરનારા, ગોવર્ધનપર્વતમાં કંદ અને ફળોને આરોગનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૪)

**કલિંદ જાકૂલ દુકૂલહારી,**
**કુમારિકા કામ કલાવિતારી.**
**વૃંદાવને ગોધન વૃંદચારી,**
**મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૫**

શ્રીયમુનાજીના તીર ઉપર કુમારિકાઓના ચીરને હરનારા, તેમને કામ કલાપૂર્વક મનોરથોનું દાન કરનારા,વૃંદાવનમાં ગાયોના વૃંદમાં ફરનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૫)

**વ્રજેંદ્ર સર્વાધિક શર્મકારી,**
**મહેન્દ્ર ગર્વાધિક ગર્વહારી.**
**વૃંદાવને કંદ ફલોપહારી,**
**મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૬**



શ્રી નંદરાયજીનું સર્વથી અધિક કલ્યાણ કરનારા,ઈન્દ્રના પરમ ગર્વને દૂર કરનારા, વૃંદાવનમાં કંદ અને ફળોને આરોગનારા એવા ગિરિરાજધારી શ્રી કૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૬)

**મનઃ કલાનાથ તમો વિદારી,**
**વંશીરવાકારિત તત્ કુમારી.**
**રાસોત્સવો દ્રેલ્લરસાબ્ધિસારી,**
**મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૭**

મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ચંદ્ર જેવા, બંસીના સ્વરથી વ્રજ કુમારિકાઓને બોલાવનારા, રાસ મહોત્સવમાં ઊછળી રહેલ રસસાગરમાં વિહાર કરતા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એજ મારા પ્રભુ છે. (૭)

**મત્ત દ્વિપોદ્દ્દા મગતાનુકારી,**
**લુંઠત્ પ્રસૂના પ્રપદીનહારી.**
**રામોરસ સ્પર્શકર પ્રસારી,**
**મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી. ૮**

ઉન્મત ગજેન્દ્રના સરખી ચાલ ચાલનારા, પગની પાની સુધી ઝૂકી રહેલ પુષ્પોના દિવ્ય હારવાળા,લક્ષ્મીજીના વૃક્ષઃસ્થલ ઉપર સ્પર્શ કરવા માટે પોતાના કરકમલને લંબાવી રહેલા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૮)

એ પ્રમાણે શ્રી વલ્લભાચાર્ય વિરચિત 'શ્રી ગિરિરાજધાર્યષ્ટક' સંપૂર્ણ થયું.